જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૮/૨૦૧૬ સોમવાર



# JAY HIND

# HAPPY INDEPENDENCE DAY

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી ૨૬૩ લીટર દેશી દારૂ, ૭૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ ઈકો ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી ૫૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૮,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૯/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** સતિષભાઈ ભલાજી ઠાકોર (ઉ.વ.૨૬) (રહે.ગોવરવાસ ચાંદલોડીયા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) જીગર ઉર્ફે જીગો રબારી (૨) કિરણ રબારી (૩) શિલુ રબારી (૪) અલ્પેશ મહેરાજભાઈ દેસાઈ (૫) ભાવેશ મહેરાજભાઈ દેસાઈ અને (૬) વિશાલ બળદેવજી ઠાકોર (તમામ રહે. પીરવાસ ગોતા ગામ) તેમજ બીજા અન્ય માણસોએ ભેગા મળી સતિષભાઈના ભાઈ રાહુલ ઠાકોર સાથે અગાઉ થયેલ ઝગડાની અદાવત રાખી તા.૧૪/૮/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે ગોતા ગામ લીમડાવાળો વાસ ચામુંડા માતાના મંદિર નજીક રાહુલ ઠાકોરને લાકડી તેમજ તલવાર વડે પગ ઉપર અને માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી જીવલેણ હુમલો કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઈ.શ્રી એ ડી પરમાર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૦/૧૬**

**આનંદનગરઃ** સુરેન્દ્રભાઈ ઓમચંદ્રભાઈ શાહ (રહે.નિશાંત બંગલોઝ-૨ આર કે પાર્કની બાજુમાં સેટેલાઈટ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૮/૧૬ કલાક ૦૦/૩૦ થી કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારીના સળીયા વાળી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના વાસણો કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી બી રાણા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૧/૧૬**

**સેટેલાઈટઃ** મોહન ઈશ્વરભાઈ કોષ્ટી (રહે.સીતાબાગ ટેનામેન્ટ સેન્ટર વેર હાઉસની સામે વટવા રોડ ઈસનપુર) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એસ જી હાઈવે દેવાર્ક મોલમાં આવેલ પુમાના શો રૂમમાં અગાઉ નોકરી કરી ગયેલ આરોપી અજય ખરાડી (જેના પુરા નામ સરનામાની ખબર નથી) તા.૧૩/૮/૧૬ રાતના ૧૦/૪૫ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન ડુપ્લીકેટ ચાવી વડે શો રૂમ ખોલી પ્રવેશ કરી કાઉન્ટરમાંથી રૂપિયા ૧,૨૪,૦૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી એન વાઘેલા ચલાવે છે.

**કાલુપુરઃ** જીગરભાઈ ઘનશ્યામભાઈ ઠક્કર (રહે.અક્ષરધામ ફ્લેટ અર્બન બેન્ક રોડ રાજકમલ પેટ્રોલપંપ સામે મહેસાણા) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૦/૫/૧૬ થી તા.૬/૮/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર સરૈયાપોળ ખાતેના ખુલ્લા મકાનમાંથી અજાણી વ્યક્તિ પર્સની ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં પીન નંબર સાથે રાખેલ એટીએમ કાર્ડ દ્વારા અલગ-અલગ એટીએમ સેન્ટરમાંથી જુદા-જુદા સમયે જીગરભાઈના ખાતામાંથી રૂપિયા ૨,૪૫,૪૪૦/- ઉપાડી લીધા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી પી મેઘલાતર ચલાવે છે.

**શોર્ટ સર્કિટ થતા દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૨/૧૬**

**સાબરમતીઃ** બીનાબહેન ચેતનભાઈ લુહાર (રહે.આશ્રય ગોલ્ડ) ના ઘરે તા.૧૩/૮/૧૬ બપોરના સમયે શોર્ટ સર્કિટ થતા બીનાબહેન દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૬/૦૦ વાગે મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી શનાભાઈ ધુળાભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૩/૧૬**

**રિવરફ્રંટ વેસ્ટઃ** રેવાભાઈ કાળાભાઈ પરમાર (ઉ.વ.૪૫) (રહે.રામ રહીમનો ટેકરો ક્રિચ્યન કબ્રસ્તાન નજીક દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૮/૧૬ કલાક ૧૦/૧૦ વાગ્યા પહેલા રામ રહીમના તેકરા પાછળ નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હર્ષદભાઈ માવજીભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)